અપીલ અરજી નં.૩૭૯ તા.૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૪–૧૦–૧૧ની અરજીથી પાર્લે પોઈન્ટ સ્થિત મેઈન રોડ પર હાલમાં તૈયાર થતાં ડી ખુશાલદાસવાળા બાંધકામ બાબતે મુદૃા નં.(૧) ઉપરોકત સ્થળે હાલમાં તૈયાર થતું બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ તેની માહિતી આપશો વિ.મુદૃા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૯/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૪–૧૦–૧૧ની અરજીથી પાર્લે પોઈન્ટ સ્થિત મેઈન રોડ પર હાલમાં તૈયાર થતાં ડી ખુશાલદાસવાળા બાંધકામ બાબતે મુદૃા નં.(૧) ઉપરોકત સ્થળે હાલમાં તૈયાર થતું બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ તેની માહિતી આપશો વિ.મુદૃા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી બાબતે નકલ સહ વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૦૮૫ તા.૧૬–૧૧–૧૧ થી** કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) તથા પત્ર નં. આરટીઆઈ સેલ / ૧૧૬૯ તા.૧–૧૨–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૭૪ તા.૨૫–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૨૧૭ તા.૫–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર અઠવા ઝોન તથા ટાઉન પ્લાનીંગ (મધયસ્થ શહેર વિકાસ ) ને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન /અઠવા/ આરટીઆઈ/ આ.નં. ૮૨૮ તા.૧૨–૧૦–૧૧ થી ટાઉન પ્લાનર (મધ્યસ્થ શહેર વિકાસ) ને તબદીલ કરેલ પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૪–૧૦–૧૧ ની અરજીથી પાર્લે પોઈન્ટ સ્થિત મેઈન રોડ પર હાલમાં તૈયાર થતાં ડી. ખુશાલદાસવાળા બાંધકામ બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૨૧૭ તા.૫–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર અઠવા ઝોન તથા ટાઉન પ્લાનીંગ (મધ્યસ્થ શહેર વિકાસ ) ને તબદીલ કરવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આ.નં.૮૨૮ તા.૧૨–૧૦–૧૧ થી ટાઉન પ્લાનર (મધ્યસ્થ શહેર વિકાસ)ને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદૃા નં.(૧) ઉપરોકત સ્થળે હાલમાં તૈયાર થતું બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ તેની માહિતી આપશો. મુદૃા નં.(૨) આ બાંધકામના મંજુર પ્લાનની નકલ આપશો. મુદૃા નં.(૩) આ બાંધકામમાં સુપર બિલ્ડઅપ એરીયા કેટલો છે તથા માર્જીનની કેટલી જગ્યા છોડવામાં આવેલ છે તેની વિગત આપશો. તથા વિઝીટર્સ પાર્કીગ માટે કેટલા ફુટ કે મીટર જમીન છોડવામાં આવેલ છે તેની વિગત આપશો. મુદૃા નં.(૪) આ બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? તે અંગેની ચકાસણી અત્યાર સુધીમાં આપના વિભાગના કયા કયા અધિકારી/કર્મચારીએ કરેલ તે તથા તે ચકાસણી દરમ્યાન તેઓએ તૈયાર કરેલ રીપોર્ટની નકલ આપશો. મુદૃા નં.(૫) આ બાંધકામ અગર મંજુર પ્લાન વિરુધ્ધનું હોય તો તેની સામે અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) , ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) ....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,